# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ, ખડિયા
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત)
ફોન નં. : ૦૨૮૫–૨૬૮૧૪૦૦ ફેકસ નં. : ૦૨૮૫–૨૬૮૧૫૦૮
વેબસાઈટ : http://www.bknmu.edu.in ઈ–મેઈલ : info@bknmu.edu.in

**વિષય : આંતરરાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ દિવસ તા.૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ અન્વયે કાર્યક્રમનું આયોજન કરવા બાબત**

**સંદર્ભ : કે.સી.જી. નં.કેસીજી/૨૦૧૭-૧૮/૨૩૨૪ તા.૦૭/૦૯/૨૦૧૮નો પત્ર**

પરિપત્ર :-

આથી ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોના પ્રો.ઇન્ચાર્જશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે તા. ૧૦ સપ્ટેમ્બર આંતરરાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિદ્યાર્થીઓ રાજય અને રાષ્ટ્રનું ભવિષ્ય છે. તેઓમાં વિવિધ કારણોસર નિરાશા વ્યાપે છે અને નાનામાં નાની બાબત માટે તેઓ આત્મહત્યા માટે પ્રેરિત થતાં હોય છે. આ સંદર્ભમાં આપની યુનિવર્સિટી અને કોલેજો ખાતે વિદ્યાર્થીઓમાં હત્યાનું પ્રમાણ ઘટે અને તેઓને જીવન જીવવા અંગે પ્રોત્સાહન મળે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા વિનંતી છે. આવાં કાર્યક્રમોના આયોજન માટે માનનીય શિક્ષણમંત્રીશ્રી, ભુપેન્દ્રસિંહજી ચુડાસમાસાહેબ દ્વારા ખાસ સુચન કરવામાં આવેલ છે. આ દિવસે આપની યુનિવર્સિટી અને કોલેજો ખાતે સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને સોશ્યલ વર્કના વિદ્વાનો અને નિષ્ણાતોને આમંત્રણ આપી વિદ્યાર્થીઓમાં જીવન પ્રત્યે ઉત્સાહ પ્રેરિત કરવા જોઇએ, સાથે સાથે એકાંકી, નાટક, ડીબેટ, ગ્રુપ ડિસ્કશન, વકતૃત્વ સ્પર્ધા, નિષ્ણાતોના લેકચર્સ, મોટીવેશનલ ટોક, આત્મહત્યા વિરોધી સૂત્રોની સ્પર્ધા અને જે વિદ્યાર્થીઓમાં જીવન પ્રત્યે નિરાશા વ્યાપી હોય તેવાં વિદ્યાર્થીઓ માટે મનોવૈજ્ઞાનિકનો સંપર્ક કરી યોગ્ય માર્ગદર્શન આપી આત્મહત્યા કરતા અટકાવવાનો પ્રયાસ કરવા વિનંતી છે. ઉપરોકત કાર્યક્રમો યોજી તેના ફોટા સહિતનો રીપોર્ટ વહેલાસર કે.સી.જી. અમદાવાદને મોકલી આપવો.

ઇ.ચા. રજીસ્ટ્રાર

ક્રમાંક/બીકેએનએમયુ/રજી./૮૦૭/૨૦૧૭
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨૨૬૩
તા.૦૮/૦૯/૨૦૧૭

પ્રતિ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/
પી.જી. સેન્ટરના વડાઓ તરફ...

નકલ સાદર રવાના :
(૧) કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**
(૧) આઇ.ટી. સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.